નમસ્કાર ગાંધીનગર

પમરાટ

સમજદારીથી અળગા થઈ જવાનાં સૌ બહાનાં છે,
મને શંકા પડે છે કે દીવાના શું દીવાના છે?
ગમે ના સૌ કવન તો માફ કરજો એક બાબત પર,
ખુદા જેવા ખુદાનાં ક્યાં બધાં સર્જન મજાનાં છે ?

- જલન માતરી

પાથેય

- રમેશ ઠક્કર

એક નજર આપણી તરફ...

ખણખોદ એ આમ તો સૌ કોઈને ગમતી ચીજ છે.આપણે માનીએ કે ના માનીએ દરેક વ્યક્તિ એક અથવા બીજી રીતે કોઈકની જિંદગીમાં ડોકિયું કરતી જ રહે છે.સામેની વ્યકિત કોણ છે ? ક્યાં રહે છે ? શું ખાય છે ?એ રાતોરાત સફળ થઈ હોય તો એવું કઈ રીતે બન્યું ? આવી અગણિત બાબતોમાં માણસોને તાલાવેલી હોય છે..ઘણા તો એ વ્યકત કર્યા પછી આપણી તરફથી એક્સ્પર્ટ કોમેન્ટની આશા પણ રાખે ! આ બાબત એક સામાન્ય ટેવ સુધી હોય ત્યાં જ એના ઉપર કાબૂ મેળવી લેવો જરૂરી છે કેમકે જો આવી વૃત્તિની ટેવ પડી જાય તો એ ખરેખર નુકસાનકારક સાબિત થતી હોય છે.

સામાન્ય રીતે આપણે નક્કી નથી કરી શકતા કે આપણી રૂચી કયા વિષયમાં છે..ઉપરચોટિયો આપણો જીવન વ્યવહાર જાણે અજાણે સરળ લાગતી વાતોમાં ગોઠવાઈ જાય છે. એમાં કોઈને કોઈ માણસ આપણી અડફેટે ચડી જતો હોય છે..માણસ જો અન્યની વાતોમાં રસ લેવાનું બંધ કરી જો પોતાના જ વ્યવહારોને જોવાનો અભિગમ રાખે તો કદાચ જગતને માટે એ એનો ઉત્તમ ઉપહાર હોઈ શકે.

આજ સુધીના આપણા સહુના અનુભવે એ સાબિત થયું છે કે જ્યારે કોઈપણ બે માણસો ભેગા થાય ત્યારે એનું નિશાન ચોક્કસ કોઈ ત્રીજી ત્રાહિત વ્યકિત જ હોય છે..અને એમાં ખ્માણભાન ભાગ્યે જ રહેતું હોય છે,બલ્કે ક્યારેક તો એમાં શૂરાતન પ્રગટતું હોય છે.આમાં નવાઈ લાગે એવી વાત એ છે કે જે મુદે આપણે અન્યને અડફેટે ચડાવતા રહીએ છીએ એવી અનેક મર્યાદાઓ આપણામાં પણ હોય છે ! ઘણીવાર ફૂથલીરસ એ જ જાણે માણસ માટે જીવનરસ બની જતો હોય છે.

વાતો પણ કેવી કેવી હોય છે ? જેમકે કોઈ મોટી ઉમરના માણસે ટી શર્ટ પહેર્યું હોય તો એ પણ નિશાન બની જાય.આ ઘટનાને પછી તો એના સમગ્ર વ્યક્તિત્વ સાથે જોડી દેવામાં આવે..કોઈ માણસ ટાપટીપથી રહેવાનો શોખ ધરાવતો હોય તો એની પણ લેફટરાઈટ થઈ જાય..જો કોઈ લઘરવઘર હોય તો એને લોભી કે આળસુનું લેબલ લાગી જાય..ટુંકમાં કહીએ તો બે ધારી કરવત જેવું..જતાં પણ વેતરે અને આવતાંયે વેતરે ! જાણે અજાણે આપણે સહુ આવી બાબતોમાં ફસાઈ જતા હોઈએ છીએ..એમાં મોટેભાગે માનવસહજ નબળાઈ જ જોવા મળે છે...

કોઈપણ હેતુ વગર થઈ આવી ચર્ચાઓ ટાળવા જેવી હોય છે..આપણે કોઈની જિંદગીના ઓડિટર નથી..કોઈકના હિતેચ્છુ હોવું અને લાગણીથી બે શબ્દો કહેવા કે સલાહ આપવી એ તંદુરસ્ત બાબત છે પણ કારણવગર કોઈકનાં લેખાંજોખાં કરવાં એ સારી બાબત નથી.આ બાબત જયારે ટેવ બની જાય ત્યારે તો એ ખૂબ જ ખરાબ ગણી શકાય..આપણી જિંદગીમાં એવી ઘણી ચીજો છે જેના વિશે ધારીએ તો આપણને પોતાને પણ એમાં સુધારો કરવાની કે નવું શીખવાની જરૂરિયાત લાગશે..પરંતુ આપણી આંગળી હંમેશાં સામેની તરફ ખેંચાતી હોય છે..જરીક નીરખીએ તો આપણી ખુદની અન્ય આંગળીઓ આપણી પોતાની તરફ લંબાઈને આપણને પોતાને આત્મમંથન કરવાનો ઈશારો કરતી હોય છે !

સ્વાગતમ્ ૨૦૨૨....

તંત્રીસ્થાનેથી...

એક નવી આશા, નવા ઉમંગ અને શક્યતાઓથી ભર્યું ભર્યું નવું વરસ શરૂ થઈ ગયું છે. સમય કદી થંભતો નથી. મહાન હસ્તીઓ કાલગ્રસ્ત થઈ જાય છે. પૃથ્વીનો નકશો બદલાઈ જાય છે પણ સમય તો પેલી કહેવતની જેમ હાથીની ગતમાં આગળ ધપ્યા જ કરે છે. એને પાછળ ભસતાં શ્વાસો કે બીજાં પ્રાણીઓની તમા નથી હોતી. એટલે જ આપણો કવિ કહે છે : સમય બહુત બલવાન હૈ, નહીં મનુષ્ય બલવાન ! જો કે મનુષ્ય પણ ઓછો બળવાન હોતો નથી. સમયને એણે જ ઘડિયાળના કાંટા વચ્ચે કેદ કર્યો છે. પરંતુ એથી શું ? ઘડિયાળ જૂની થઈ શકે છે, કદાચ એના ટકોરા બંધ પડી શકે છે, પરંતુ સમય તો એની આગવી મસ્તીમાં ઝૂમતો આગળ વધતો જ રહે છે. આપણે વાત વાતમાં વીતેલા સમયને વાગોળવા લાગીએ છે. ગામના ઘરડેરા કહેશે : સમો બદલાયો છે ભઈલા ! અગાઉનો જમાવો સારો હતો. કેટલીક જૂની પઢીના લોકોને હજી રાજાશાહી સારી લાગે છે. કેટલાક રાજાઓ ખરેખર આજના શાસકો કરતાં સારા હોઈ શકે. વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ, ગોંડલ નરેશ ભગવતસિંહ કે ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહ અત્યંત પ્રજાપ્રિય રાજવી હતા. એમના રાજમાં પ્રજા ઘણી સુખી અને સલામત હતી. ખેડૂતનો બળદ ચોરાઈ જાય અને તે દરબારમાં ઘા નાખે તો કાં તો નિશ્ચિત સમયમાં એનો બળદ રાજની પોલીસ શોધી લાવતી અને જો ના મળે તો એને રાજના ખર્ચે નવો બળદ મળી જતો. ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહ આઝાદી મળ્યા પછી તો તત્કાલીન મદ્રાસ પ્રાંતના ગર્વનર બનીને મદ્રાસ ચાલ્યા ગયા હતા. તેમ છતાં એમના જૂના રજવાડાનો અભણ ખેડૂત નીલમબાગ પૅલેસમાંથી એમનું સરનામું મેળવી પોતાના બળદ ચોરાયાની રાવ કરવા છેક મદ્રાસ પહોંચી ગયેલો અને માજી મહારાજાએ એની માગણી પૂરી કરી આપેલી તે પ્રસંગ ગંભીરસિંહ ગોહિલે લખેલા મહારાજાના જીવનચરિત્રમાં આલેખાયેલ છે. 'સુશાસન' ના ઉત્તમ નમૂના જેવાં એ રજવાડાં અલબત્ત આંગણીના વેઢા પણ પૂરા ન થાય એટલી સંખ્યામાં હતા. લોકશાહીમાં એ મીઠાં સ્મરણો વાગોળીને એથી વધુ સારો વહીવટ આપવાનો પ્રયાસ થવો જોઈએ. પંડિત નહેરુથી લઈ નરેન્દ્ર મોદી સુધીના વડાપ્રધાનો પ્રજાના સુખાકારી માટે અને દેશની ઈજ્જત વધારવ માટે જ પ્રયાસ કરતા રહ્યા છે. એમ ડૉ. જીવરાજ મહેતાથી લઈ ભૂપેન્દ્ર પટેલ સુધીના મુખ્યમંત્રીઓ પણ ગુજરાતની ગરિમા સાચવવા જ મથે તે સમજી શકાય એમ છે. પરંતુ સમય તો સમય છે. ક્યારેક એવાં અટકચાળાં કરી બેસે કે બધું કર્યું કારવ્યું ધૂળમાં મળી જાય. ૧૯૬૨માં 'હિંદી ચીની ભાઈ ભાઈ' નાં સૂત્રો પોકારનારા અને 'પંચશીલ' મુસદ્દા પર સહી કરનારા ચાઉ-એન-લાઈએ રાતોરાત હિમાલય પર પલીતો ચાંપ્યો હતો. નહેરુના સુશાસન અને લોકશાહી મૂલ્યોના જતનની ધગશ કે દેશમાં મોટા ઉદ્યોગો અને સતલજ નદી પર બંધ બાંધવા જેવાં સીમાચિહ્નરુપ કાર્યો પછી બનેલી આ અણધારી ઘટનાથી એ સ્વપ્નદ્રષ્ટા ડઘાઈ ગયા હતા. સરહદો પર સળવળાટ ચાલુ છે. લોકશાહી છે એટલે ચૂંટણીઓ તો કરવી જ પડે. ચૂંટણી જીતવા માટે પાર્ટીઓ અને નેતાઓ વચ્ચે રસાકસી પણ જામવાની - આ બધું હોવા છતાં આપણે હેમખેમ છીએ તેનો હરખ કરીએ. કોરોનાએ હુમલો વિશ્વના તમામ મહાન નેતાઓ માટે એક પડકાર બનીને આવ્યો હતો અને હજી એનો ભય તો અકબંધ જ છે. એવી હાલતમાં નવા વર્ષમાં પ્રવેશેલા આપણા દેશ અને રાજયને પ્રગતિ અને વિકાસના પંથે આગળ દોરી જવાનો પડકાર નાનો સૂનો નથી. આતંકવાદ અને કોમવાદ જેવા રાક્ષસો સામે લડીને સુશાસનના પંથે આગળ વધવા પરમાત્મા આપણને અને આપણા શાસકોને શક્તિ આપે એવી અભ્યર્થના સાથે સૌને હેત ભરેલ હેપી ન્યૂ ઈયર...

સાવચેતી એ જ બેસ્ટ અને શ્રેષ્ઠ ઉપાય લાગે છે !

આરપાર
રાઘવજી માધડ

ગામમાં શેઠની પથારી પરથી એકવાર સાપ પસાર થયો. આ ખબર પડતા જ શેઠ ગભરાઈ ગયા. ને કહેવા લાગ્યા : 'સાપનો રસ્તો થઈ ગયો. હવેતો ગમે ત્યારે કરડી જાય !ક્ષપછી શેઠ સાપના કરડવાથી નહીં પણ ડરના લીધે મૃત્યુ પામ્યા હતા.આ ભયજનક સ્થિતિ કોરોનાની સંભવિત લહેર સંદર્ભે પ્રસરી રહી છે.ઘણાં લોકોને કોરોના અંગેના સત્યની ખબર નથી અને જે ખબર છે તે સત્ય નથી.કારણ કે જે ન્યુઝ વાંચવા,સાંભળવા મળે છે તેમાં સત્ય કેટલું હશે તે ચિંતા અને સંશોધનનો વિષય છે.કોઈ એકજ ન્યુઝ પેપરમાં વિરોધાભાસી સમાચાર હોય છે !એક બાજુ હોસ્પિટલના બેડ ખાલી હોવાનો દાવો હોયતો પડખે જ, કોરોનામાં પોઝીટીવ હોય એવા દર્દીને દાખલ કરવાની મહામારી સર્જાયાના સમાચાર હોય !વળી જે આંકડા રજુ થાય છેતે ભારે ભૂલભૂલામણી હોય છે.સાચું શું છે,તે ચિત્ર સ્પષ્ટ થઈ શકતું નથી. જેથી સામાન્ય માણસ ગફલતમાં રહી જાય છે.કોરોનાગ્રસ્તની સાંપ્રત સ્થિતિને સુવિધા અંગેની સાચી વિગતોથી વંચિત રહી જનારી આ પેઢી, ખરી હકીકત છૂપાવનારને કયારેય માફ નહીં કરે.માનવતા કે સંવેદનાની થોડીકેય શરમ રાખી,માનવ જીવન સાથેની આ રમત તત્કાળ બંધ થાય તે સૌના હિતમાં છે. જેથી એમિક્રોનથી સાવચેત રહી શકે.

એક આશા હતી,દિવાળી પછી કોરોનાનો કહેર ઓછો થશે ને જનજીવનપૂર્વવત થવા લાગશે.પણ ભરોસાની ભેંસ પાડો જણીને ઉભી રહે તેવું થયું.આશા,નિરાશાને સાગમટે નોતરું દઈ બેઠી.કોરોના સુધરવાના બદલે નવા સ્વરૂપે બગડવા લાગ્યો છે.વિનાશકપણે વકરવા પણ લાગ્યો છે.સુશિક્ષિત નગર નેગેટીવ નહીં છતાંય પોઝીટીવ કેસમાં પરાકાષ્ઠાએ પહોંચવા લાગ્યું છે !

પણ આ માટે કોરોના જરાય જવાબદાર નથી.તે ત્યાંનો ત્યાં જ છે.તેને એક જગ્યાએથી બીજી જગ્યા એ લઈ જવાની સુલભ સુવિધા,જનકલ્યાણ કેન્દ્ર જેમ આપણે પૂરી પાડી રહ્યા છીએ.ભીડ અને મેળાવડાએ કોરોનાને સંક્રમિત થવામાં કસર છોડતા નથી.ક્યાંક સાવચેતીનો અભાવ,અનાદર પણ એટલો જ જવાબદાર બન્યો છે.જીવવું હોયતો ઘરમાં મરો...આવું કોઈ કહેવા જાયતો સામે જવાબ મળે:'તમારે તો નોકરી છે.અમારે ઘરમાં રહી,ધંધા-કમાણી વગર ખાવું શું !?ક્ષવાતતો તદ્દન વાજબી છે.આખું અર્થતંત્ર ડામડોળ થઈ ગયું છે. ક્યાંક ધંધા-રોજગાર ખોરવાઈ ગયા છે.દરેકને જીવવા માટે પેટનો ખાડો પૂરવો અનિવાર્ય છે.જીવવા માટે ખાવું છે કે ખાવા માટે જીવવું...આ વિધાન પણ કોરોનાગ્રસ્ત થઈ ગયું છે.પણ આમ જોઈએતો સંક્રમિત થવાના કારણોમાં ભીડને મેળાવડાની ભૂંડી ભૂમિકા હોય એવું નથી લાગતું ? અને સામાજિક,રાજકીય...ગમે તે કારણો હોય,ભીડતો માણસ થકી જ થાય છેને !? આ નાજુક,સંવેદનશીલ સમયમાં કોઈ પર દોષનો ટોપલો ઢાલવ્યા સિવાય જાતે જ કાળજી લેવા જેવી છે.વ્યક્તિએ પોતાની અને પરિવારની સંભાળ અને જરૂરી સાવચેતી રાખવી એ જ બેસ્ટ ને શ્રેષ્ઠ ઉપાય છે. આપણી કહેવત માફક, પહેલું સુખ તે જાતે નર્યા !

એક ભાઈએ બેફીકરાઈથી કહ્યું:'મોત કાલે આવતું હોયતો આજે આવે...તેમાં આટલું ભયભીત શું થવાનું !?' હા,ડરી જવાની કે ભયભીત થવાની જરૂર નથી.વળી મોત નિશ્ચિત છે.પણ મોત ન આવે ત્યાં સુધી સ્વસ્થપણે જીવવાનું છે તે ભૂલવા જેવું નથી.જે લોકો કોરોનામાં સપડાયા પછી,બહાર આવ્યા છે તેમને પૂછો તન-મનની યાતના કેવી હોય ! જીવતાજાગતા દોખજમાં દહાડા પસાર કર્યા હોય છે !ઈચ્છીએ કોઈને આવા દિલ્લન દેખાડે !કોરાના ન થાય તે માટે શું કાળજી લેવી તેની જાણ હવે ઓવરફલો અવસ્થામાં છે, સૌ જાણે છે.માત્ર અસરકારક અમલ જ કરવાનો છે.વ્હોટસએપમાં મેસેજ હતા:અમુક હોસ્પિટલમાં જાનથી હાથ ધોવાના,અમુક એવી હોસ્પિટલમાં સંપત્તીથી હાથ ધોવાના..તેનાં કરતાં જાતે જ હાથ ધોવા શું ખોટા છે !?

છેલ્લે :

વ્યક્તિ પોતાના અંગત માણસો સાથે ક્યારેય જીતવાની હોડ બકતો નથી કારણ કે તેનાં સામે જીત વાનું નહીં પણ સાથે જીવવાનું હોય છે !

દિન મહિમા

- રાષ્ટ્રીય વિજ્ઞાન સાહિત્ય દિવસ
  યુનાઈટેડ સ્ટેટ્સમાં ઘણા વિજ્ઞાન સાહિત્યના ચાહકો દ્વારા બિન સત્તાવાર રીતે રાષ્ટ્રીય વિજ્ઞાન સાહિત્ય દિવસ ઉજવવામાં આવે છે. જે પ્રખ્યાત વિજ્ઞાન સાહિત્ય લેખક આઈઝેક અસિમોવની સત્તાવાર જન્મતારીખને અનુરુપ છે.

આજનું

ઔષધ

- નારંગી ખાવાથી લોહીનું ઊંચુ દબાણ ઘટે છે
- ગાજરનો તાજો રસ એના જેટલા જ દૂધમાં મેળવી દરરોજ સવારે લેવાથી લો બ્લડપ્રેશર મટે છે

ખડખડાટ

- મેં સૂર્યને પૂછ્યું વર્ષા આવે છે ત્યારે તું કેમ છૂપાઈ જાય છે....
  સૂરજે કહ્યું... લેડીઝ જોડે કોણ માથાકૂટ કરે...

આજનો

વોટ્સએપ

- જિંદગીમાં સૌથી વધુ ખુશી એ કામ કરતી વખતે થાય છે, જેના માટે લોકો કહેતા હતા 'આ કામ તું નહીં કરી શકે.'

અર્ઝ કીયા હૈ...

- **લેવી હોય તો લઈ લો, તમે અહીં હર કોઈની તલાસી, હર કોઈ પાસે મળી આવશે એકાદ મનગમતી ઉદાસી...**
  - સંજુ વાળા
- **ક્યારેક તો થાય કે, કોની પાસે હસું ?? બધાય અંદરથી તો રડે છે... ને વળી થાય કે કોની પાસે રડું ?? બધાય બહારથી તો હસે જ છે...**
  - હરકાંત ત્રિવેદી

નવો યુગ, નવી દુનિયા તો વિચારો જુના શા માટે ?

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

મિત્રો, આખા જીવન દરમિયાન આપણને આપણું જીવન બદલવાની ઘણી ઓછી તક મળતી હોય છે. આપણને કેટલીયે વાર એવું લાગતું હશે કે આપણામાં જે લાયકાત છે એના કરતા આપણને ઓછું મળ્યું છે. એ પછી નોકરી હોય કે ધંધો. અને આપણી આસપાસ આપણને એવું પણ જોવા મળે છે કે જેનામાં કોઈ આવડત નથી. વધું શિક્ષણ નથી એવા માણસો આપણા કરતા ખુબ વધુ રૂપિયા કમાતા હોય છે. એના એક બે કારણો છે. જેના વિશે આપણે કદી વિચારતા હોતા નથી. એ છે પરિશ્રમ અને સાહસ. આ બે કારણોથી એ વ્યક્તિ ઓછી આવડત હોવા છતાય, ઓછું શિક્ષણ હોવા છતાંય આપણા કરતા વધુ કમાતી હોય છે. અને ત્રીજી સૌથી અગત્યની બાબત એનામાં રહેલી ''તક'' ને ઓળખવાની સમજણ. આ સંદર્ભના ઘણા ઉદાહરણો હું આપી શકું એમ છું. પણ વાત આપણાથી જ જોડાયેલી રહે તો વધુ સારું. આપણે આપણા જીવન વિશે વિચારીશું તો આપણને પણ ઘણીવાર એવી તક મળી હશે પણ આપણે એને ઓળખી નહીં શક્યા હોય અથવા એની અવગણના કરી હશે અથવા વ્યક્તિગત કે પારિવારિક વૈચારિક સંકૂચિતતાને કારણે કે આપણા ખુદના શંકાશીલ સ્વભાવને કારણે એ આવેલી ''તક''ને આપણે જવા દીધી હશે. આવા સમયે આપણે ભાગ્યને વચ્ચે લાવીને જાતને સમજાવીએ છીએ. પરંતુ ભાગ્ય પણ જે વ્યક્તિ પરિશ્રમ કરે એની સાથે જ હોય છે. એ એટલું જ સત્ય છે. અને પરિશ્રમ થકી ભાગ્યને ય બદલી શકાય છે. મારા અભ્યાસથી હું સમજ્યો છું કે આપણામાં સૌથી મોટો પ્રોબ્લેમ હોય તો એ એ છે કે આપણી સામે જ્યારે પણ કોઈ નવી વાત આવે ત્યારે આપણે એને શંકાની નજરે જોઈએ છીએ. મૂલવીએ છીએ. પરિણામે એ વાત આપણે જે રીતે સમજવી જોઈએ તે રીતે સમજી શકતા નથી. કેમ કે એ સમજતી વખતે આપણી બુદ્ધિના દરવાજે જ શંકાનો એક મોટો કીડો બેઠો હોય છે જે પોઝિટીવ સમજણને અંદર જવા દેતો નથી અને નકામા નેગેટિવ વાયરસો ઊભા કરીને આપણા માનસને બગાડે છે આપણને યથાવત પરિસ્થિતિમાં જ રાખે છે. અને આપણે આવેલી તકને ગુમાવી દઈએ છીએ. હું માનું છું કે આવું તમારી સાથે કેટલીયે વાર બન્યું હશે જ. અને માણસમાત્રનો સ્વભાવ છે કે જે વસ્તુંમાં એક વાર છેતરાયા હોય એમાં ફરીવાર ના પડવું. અથવા જે ધંધામાં એક વાર નિષ્ફળ ગયા હોઈએ એમાં ફરીથી પ્રયત્ન ના કરવો. આવી બધી માન્યતા કે સમજણ લઈને આપણે જીવતા હોઈએ છીએ જે રીતે લાખો કરોડો લોકો જીવે છે.

મિત્રો, આપણે કદી નવું વિચારતા જ નથી. જે જિંદગી મળી છે, જે પરિસ્થિતિ મળી છે જે શિક્ષણ મળ્યું છે અનુભવો મળ્યા છે, જે સંસ્કાર મળ્યા છે જે સમજણ મળી છે એ બધુ લઈને આપણે વર્ષોથી ખુબ ઓછી આવકમાં જીવતા રહ્યા છીએ. દસ વીસ હજાર કમાવવા માટે સખત મહેનત કરીએ છીએ. દિવસના ૧૫/૧૬ કલાક નોકરી કે ધંધો કરીએ છીએ તો પણ પુરું થતું નથી. સંતાનોની સ્કૂલ ફી, હોસ્પિટલના ખર્ચા, આ મોંઘવારીમાં ઘરના ત્રણ ચાર વ્યક્તિનું પુરું કરવું કે એક બેડરૂમના નાના મકાનના હપ્તામાં જ આપણી મોટાભાગની ઉમર વિતી જતી હોય છે. બાળપણથી જ સંજોગો, પરિસ્થિતિ અને એને કારણે આપણામાં વિકસેલી અસમજણ આપણને ક્યારેય આગળ વધવા દેતી નથી. કે નવું સાહસ કરવા દેતી નથી. કેમ કે આપણી બુદ્ધિને દરવાજે ૨૪ કલાક શંકાનો એક મોટો કીડો બેઠો જ હોય છે. અને આ કીડાને સોમાંથી બે ચાર લોકો જ મારી શકતા હોય છે જે આપણી આસપાસ હોય છે આપણા કરતા ઓછી આવડત હોવા છતાંય આપણા કરતા વધુ કમાતા હોય છે.

મિત્રો, આજે ૨૧મી સદીમાં બધુ જ બદલાઈ રહ્યું છે. જે એક સમયે એસ.ટી.ડી. પીસીઓની બોલબાલા હતી, ફોન કરવા માટે લાંબી લાંબી લાઈનો લાગતી હતી તે બિઝનેશનું આજે ક્યાંય નામોનિશાન નથી રહ્યું. આવા ઘણા બિઝનેશ છે જે આજે લૂપ્ત થઈ રહ્યા છે. આજે મોટાભાગનો બિઝનેશ ઓન લાઈન થઈ રહ્યો છે. આજે જીવન જરૂરિયાતની તમામ વસ્તુઓ ઓન લાઈન મળે છે. તૈયાર જમવાનું પણ ઓનલાઈન બુકિંગ થાય છે. જેની પાસે પોતાની એક પણ કાર નથી એ ''ઉબર'' કંપનીમાં લાખો કાર દોડે છે અને કરોડોનો બિઝનેશ કરે છે. અત્યાર સુધી જે દુનિયાનો સૌથી અમીર વ્યક્તિ '' બિલ ગેટ્સ '' ગણાતા હતા તેના બદલે હવે જેફ બેઝોસ ગણાય છે જેઓ ઓન લાઈન શોપિંગ અને ઈ-કોમર્સનો બિઝનેસ કરે છે આ વ્યક્તિ એમેઝોનના માલિક પણ છે. બિલ ગેટ્સ બીજા નંબરે અને ફેસબૂકનો યુવાન સર્જક માર્ક ઝૂકેરબર્ગ પાંચમાં નંબરે છે. (ગુગલ જ્ઞાન)

મિત્રો, આ શું બતાવે છે ? એક વિચાર, એક આઈડિયા, એક સાહસ, એક નિર્ણય, એક નિશ્ચય આપણી આખી દુનિયા બદલી શકે છે. હવે ધંધાની પદ્ધતિ બદલાઈ છે. રીત બદલાઈ છે. કોઈ મોટો બિઝનેશ કરવા જરૂરી નથી કે લાખો કરોડો રૂપિયાનું રોકાણ કરવું જ પડે, જરૂરી નથી કે ૨૫/૫૦ લાખ નાખીને કોઈ દુકાન કે બ્યુટીપાર્લર કે રેસ્ટોરન્ટ ખોલો તો જ રૂપિયા કમાઈ શકાય. આજે દુનિયામાં ઘણા બિઝનેશ એવા છે કે એકદમ ઓછા રોકાણમાં લાખો કરોડો રૂપિયા કમાઈ શકાય છે. આજે ઓનલાઈન બિઝનેશમાં સ્કૂલોમાં અભ્યાસ કરતા છોકરાઓ ઘેર બેઠા લાખો રૂપિયા કમાય છે. જેમની પાસે માત્ર એક લેપટોપ સિવાય કશું જ નથી. પરંતુ આપણે હજીયે એ જ જુની પરંપરામાં, સમજણમાં જીવીએ છીએ. આપણે માનીએ છીએ કે ૨૫/૫૦ લાખની લોન લઈને કે ઘરના રોકીને કોઈ દુકાન ખોલીએ એને જ બિઝનેશ કહેવાય. અને આ બિઝનેશ હરકોઈ કરી શકતા નથી તેથી આવી દુકાનમાં કે કોઈ કંપનીમાં કે શૉરૂમમાં કે મોલમાં આપણે એકદમ ટૂંકા પગારમાં નોકરીએ લાગી જઈએ છીએ. અને આપણી સંઘર્ષયાત્રા શરું થાય છે. બે, પાંચ, દસ વર્ષ આમ જ નીકળી જાય છે પણ આપણે આપણા વિચારો, અસમજણ ત્યજી શકતા નથી. આપણી માન્યતાઓ છોડી શકતા નથી. કારણ આપણી બુદ્ધિના દરવાજે બેઠેલો પેલો શંકાનો મોટો કીડો. આપણે કોઈ કંપનીના માલિકની માટે ૧૨/૧૫ કલાક કામ કરીને રોજના માંડમાંડ બસો ત્રણ સો કમાઈએ છીએ. અને આપણા જેવા ૨૫/૫૦ કે ૧૦૦/૨૦૦ કારીગરોની મહેનતને કારણે એ માલિકો સ્માર્ટવર્કથી રોજના હજારો, લાખો કમાતા હોય છે. કેમ કે આજે સ્માર્ટવર્કનો યુગ છે. ફિઝિકલી મહેનતને બદલે બુદ્ધિની તાકાતથી, ટીમવર્કની તાકાતથી રૂપિયા કમાવવાનો યુગ છે. ધારો કે આપણી કોઈ કંપની છે અને એમાં આપણી નીચે માત્ર ૫૦ લોકો જ રોજના ૮/૧૦ કલાક કામ કરે છે તો ય આપણી માટે રોજના ૪૦૦/૫૦૦ કલાકો થાય જેનું વળતર આપણને હજારો/લાખોમાં મળે છે. પણ આવું વિચારવાવાળા કેટલા ? દુનિયામાં જે કોઈ અમીરલોકો છે તેઓ પોતાની મહેનતથી અમીર નથી થયા પણ પોતાની નીચે કામ કરવાવાળા માણસોની મહેનતથી અમીર થયા છે. ટીમવર્કથી અમીર બન્યા છે. આજે દુનિયામાં અને હવે તો ભારતમાં પણ એવા અનેક બિઝનેશ શરું થયા છે જેમાં આપણે આપણી મહેનતથી ટીમ બનાવીને હજારો/લાખો કમાઈ શકીએ છીએ. પણ આપણી માનસિકતા દુકાન, કંપની, પેઢી કે ફેકટરીની નોકરીની માનસિકતામાંથી બહાર જ નથી આવતી. આખી દુનિયા બદલાઈ ગઈ, આપણી સંસ્કૃતિ સુદ્ધા બદલાઈ રહી છે, બધી ટેકનોલોજી બદલાઈ રહી છે. બિઝનેશની વ્યાખ્યા બદલાઈ રહી છે પણ બિઝનેશ વિશેના આપણા વિચારો બદલાતા નથી, સમજણ બદલાતી નથી. અને પરિણામે આપણે દસ વીસ વર્ષ પહેલા જયા હતા આજે પણ ત્યા જ છીએ. આપણી પરિસ્થિતિમાં કોઈ ફરક પડ્યો નથી. આપણે મોટેભાગે મોટા કામ એટલે કરી શકતા નથી હોતા કે એ કામ કરવાની આપણે હિંમત નથી કરતા. દરેક વખતે જુદા જુદા ધંધામાં નિષ્ફળ જવું એના કરતા એક ને એક ધંધામાં બે ચાર વાર નિષ્ફળ જવાથી – આત્મનિરીક્ષણ કરવાથી એ ધંધામાં જ જોરદાર રીતે સફળ થઈ શકાય છે પણ આપણે એવું કરવાની હિંમત અને માનસિકતા ધરાવતા હોતા નથી. કારણ કે નિષ્ફળતા એ જ સફળતાનું પ્રથમ પગથિયું છે.

તો આવો, આપણે સૌ સાથે મળીને આપણી દુનિયા બદલીએ. જીવનમાં કંઈક પરિવર્તન લાવવાની હિંમત કેળવીએ, આપણા સૌના જીવનમાં એક એવી તક આવે જેની કદાચ આપણે વર્ષોથી રાહ જોઈ રહ્યા હોઈએ. અથવા એ તક આપણી રાહ જોઈ રહી હોય. અને એ તકને ઓળખવાની ઈશ્વર આપણને સૌને શક્તિ આપે.

- 9426060601.india@gmail.com

હેલ્લો ટવેન્ટી ટુ....!

રગળપાટ
અજય ઉપાધ્યાય

જોતજોતામાં ૨૦૨૧ ના પુરા ૩૬૫ દિવસ પણ ખતમ થઈ ગયા અને આ વાંચતાં હશો ત્યારે દેશી ભાષામાં કહીએ તો ૨૦૨૨ નો નાનકડો બાબુડો પહેલા અઠવાડિયાની આંખો પટપટાવતો હશે. એવામાં સ્વભાવિક છે કે કોરોનાને એના આંટીના દીકરા ઓમીક્રોનને ભૂલીને આવી ચૂકેલા નવા વર્ષને આવકારવાનો ઉત્સાહ મારા અને તમારા બધામાં હોય જ..!!! ઓલ્ડ ને આવજો અને ન્યુ ને વેલકમ કરવાનો શિરસ્તો અને એ શિરસ્તાનું સેલિબ્રેશન એ જ તો આ ભાગદોડવાળી જીંદગીમાં એક ખુશીનું બહાનું છે અને વી ધ પીપલ સેલિબ્રેશનમા હમેશા અવ્વલ જ રહીએ છીએ પછી ચાહે એ સેલીબ્રેશનનું ઑકેશન કે લોકેશન આપણને લાગુ પડતું હોય કે ના હોય....! ભલે બે દિવસ પહેલા પૂરું થઈ ગયું હોય પણ ૩૧ ડીસેમ્બર યાની કી થરટી ફસ્ટટટટટટ અને ન્યુ યરનું સેલિબ્રેશન ની મજા તો લીધી જ હશે ને ..! ૩૧મીની રાત્રે છાને ખૂણે કે જાહેરમાં થતું ' હિક્ક્ક્ક હિક્ક્ક્ક ' કે પછી બાર ના ટકોરે 'હેપ્પપ્પ્પી ન્યૂઊઊઊઊ યરરરરર' ના ગગનભેદી અવાજો સાથે નીકળતી નવા વર્ષને વધાવનારાઓની વાહનયાત્રા.....યસ વી લવ સેલીબ્રેશન્સ...!! જો કે કર્ફ્યૂકાળમાં આ થર્ટી ફર્સ્ટમાં જાહેર સેલિબ્રેશન તો અઘરું હતું, ' હેપ્પી ન્યુ યર ' ની ચિચિયારીઓને બદલે મોર બોલવાના ચાન્સીસ વધુ હતા તો ભી મૌકા ચાહે કોઈ ભી હો, કિસી કા ભી હો ઔર કૈસા ભી હો...આપણે રહ્યા સેલિબ્રેશનના માણસો,ઉજવણીના માણસો... અને એમાયે આ તો આખ્ખે આખ્ખું વરહ બદલે છે તો સેલિબ્રેશન તો મંગતા હૈ કી નહિ...? હેય્ય્ય ?

ફેમસ હિન્દી ફિલ્મી સોંગની જેમ ' જાને વાલે સાલ કો સલામ....આને વાલે સાલ કો સલામ '' કરવા માટે આપણે બધા તલપાપડ હોઈએ છીએ અને મજાની વાત એ છે કે સૌ સૌના સેલિબ્રેશનના રીઝન્સ અને સ્ટાઈલ અલગ અલગ હોય છે પણ હા બધા સેલિબ્રેશન્સમા એક વાત કોમન હોય છે અને એ છે ' પાર્ટી '...!!! હવે કોણ ક્યાં અને કેવા પ્રકારની પાર્ટીઓ કરે છે એ તો ક્યા તો એ ખુદ જાણે અથવા તો બહુ વધુ પાર્ટી થઈ ગઈ હોય તો બીજા દિવસના છાપાના ' ઝૂમ બરાબર ઝૂમ શરાબી ઝડપાયા ' વાળા ન્યુઝમાં આપેલી નામાવલી ચેક કરીએ તો જ ખબર પડે પણ એક વસ્તુ નહિ સમજાતી કે નવા વર્ષને આવકારવા માટે ડાંસ તો સમજ્યા પણ શરાબ પીવો જ જોઈએ એવું ક્યાં સેલિબ્રેશન મેન્યુઅલમા લખેલું છે ??? !!!! ' બેસ ને છાનોમાનો...તને ના ખબર પડે.... થરટી ફસ્ટટટટટટમા તો પીવો જ પડે...''!!!!! ખેર, સૌને સૌના સેલિબ્રેશન મુબારક. જો કે બધા કાઈ હિકહિક વાળી પાર્ટી ના કરતાં હોય.પણ હકીકત એ છે કે ઈસુનું નવું વર્ષ કે પછી અંગ્રેજી નવા વર્ષની ઉજવણી જેમના માટે ફરજીયાત છે એવા ખ્રિસ્તી ભાઈઓને પૂછીએ કે 'આવીએ ને આજે રાત્રે તમારે ત્યાં પાર્ટીમાં ?' તો સામે જવાબ મળશે કે ' ભાઈ અમે તો ચર્ચમાં હોઈશું, માસ પ્રેયર એટેન્ડ કરતા હોઈશું !'' આ માસ એટલે ખ્રિસ્તીઓની ચર્ચમાં થતી સમૂહ પૂજા. આવી પૂજા દર રવિવારે થતી હોય છે અને નવા વર્ષની પૂર્વ સંધ્યાએ એ જરા જૂદી અને વધારે લાંબી હોય. ત્યારપછી રંગારંગ કાર્યક્રમ કે આતશબા